# વરસાદની આગાહી વચ્ચે ગુજરાતમાં ગરમી - બફારો યથાવત

**અમદાવાદ**, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી તાપમાનથી લોકો અકળાયા

## આજે આ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ

હવામાન વિભાગે આવતીકાલે તા. 6 જૂન માટે વરસાદી યલો એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લામાં ગાજવીજ, વીજળી અને 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી સહિત દમણ તથા દાદરા નગર હવેલીમાં પણ સમાન પરિસ્થિતિ રહેવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે.

## આવતીકાલે મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા

7 જૂને પંચમહાલ અને દાહોદ ઉપરાંત દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં વરસાદની શક્યતા છે.

## 8થી 12 જૂન વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે વરસાદ

8 જૂનથી 12 જૂન દરમિયાન મુખ્યત્વે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની પ્રવૃત્તિ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમદાવાદઃ ગુજરાતમાં હાલ ગરમી અને બફારાનો માહોલ યથાવત્ છે. રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાન 40થી 41 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. 6 જૂને રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

શુક્રવારે રાજ્યના શહેરોમાં નોંધાયેલા મહત્તમ તાપમાનમાં અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજકોટ, અમરેલી અને ભાવનગરમાં 40 ડિગ્રી, વડોદરા અને કંડલા એરપોર્ટ ખાતે 39 ડિગ્રી, કંડલા પોર્ટ પર 38 ડિગ્રી, ભૂજ અને કેશોદમાં 37 ડિગ્રી, જ્યારે સુરત, નલિયા, પોરબંદર અને મહુવામાં 35 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. દમણમાં 36 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી સપ્તાહ દરમિયાન રાજ્યમાં તાપમાનમાં મોટો ઘટાડો થવાની સંભાવના નથી, પરંતુ પ્રિ-મોન્સૂન વરસાદ અને ગાજવીજની પ્રવૃત્તિના કારણે કેટલાક વિસ્તારોમાં ગરમીથી આંશિક રાહત મળી શકે છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયો વરસાદ નોંધાયો હતો. જ્યારે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન મુખ્યત્વે સૂકું રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નહોતો. હવામાન વિભાગે અમદાવાદ માટે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. શહેરમાં એકાદ-બે વખત હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા હાલ મેંગલુરુ, ઉધગમંડલમ, કોડાઈકેનાલ અને થૂથુકુડી સુધી પહોંચી ગયું છે. આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ચોમાસું મધ્ય અરબી સમુદ્રના વધુ વિસ્તારો ગોવા, મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશના કેટલાક ભાગો, કર્ણાટકના વધુ વિસ્તારો, તમિલનાડુના બાકીના વિસ્તારો તેમજ બંગાળની ખાડીના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

રાજ્યમાં હાલમાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. ઉપરાંત દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને લાગુ ગુજરાત વિસ્તારમાં ઉપર હવાના સ્તરે ચક્રવાતી પરિભ્રમણ સક્રિય છે. આ પરિબળોને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં પ્રિ-મોન્સૂન પ્રવૃત્તિઓ વધવાની શક્યતા છે.

# 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' ત્રીજા દિવસે પણ યથાવત

**ત્રણ** દિવસમાં 114 બાળકો, 282 મહિલા અને 172 પુરુષ સહિત 568ની ધરપકડ

ગાંધીનગર : રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ મજબૂત બનાવવા તથા રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાધાન્ય આપવાના હેતુથી ગુજરાત પોલીસ દ્વારા હાથ ધરાયેલા 'ઓપરેશન ડેલ્ટા હન્ટ' અંતર્ગત સતત ત્રીજા દિવસે રાજ્યભરમાં વ્યાપક કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત આજે સવારે 8 વાગ્યા સુધીમાં કુલ 568 ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં 172 પુરુષો, 282 મહિલાઓ અને 114 બાળકોનો સમાવેશ થાય છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યની સુરક્ષા અને શાંતિ સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગેરકાયદેસર ઘૂસણખોરી કરીને રાજ્યમાં વસવાટ કરતા તત્વો સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે અને આગામી સમયમાં પણ આવી ઝુંબેશ વધુ સઘન બનાવવામાં આવશે.

ગાંધીનગરમાં પોલીસના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા અનુસાર રાજ્યના તમામ જિલ્લાઓમાં અલગ-અલગ ટીમો દ્વારા હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

શંકાસ્પદ વ્યક્તિઓ તથા વિસ્તારોની તપાસ કરવામાં આવી રહી છે અને વધુ ગેરકાયદેસર રીતે વસવાટ કરતા લોકોની ઓળખ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

પકડાયેલા તમામ વ્યક્તિઓ સામે સંબંધિત કાયદાકીય જોગવાઈઓ મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# આ વર્ષે પાઠ્યપુસ્તકોનો ભાવ વધારો નહીં થાય

**પ્રવેશોત્સવ** પૂર્વે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકો પહોંચાડી દેવામાં આવશે

**જો કોઇ** શાળામાં પુસ્તક નહીં પહોંચે તો ડિજિટલ બેકઅપની વ્યવસ્થા

ગાંધીનગર : ગુજરાત બોર્ડ સંલગ્ન પ્રાથમિકથી શરૂ કરીને હાયર સેકન્ડરી શાળાઓ સુધીના તમામ માધ્યમોના પાઠ્યપુસ્તકો નિયત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. આકસ્મિક વૈશ્વિક પડકારો છતાં પુસ્તકોના ભાવમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી અને વાલીઓ પર એક પણ રૂપિયાનો વધારાનો આર્થિક બોજ પડવા દેવામાં આવશે નહીં.

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના કાર્યવાહક અધ્યક્ષ મનુભાઈ પાવરાએ જણાવ્યું હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષે વિદ્યાર્થીઓના હિતમાં કેટલાક નૂતન વિષયોનો ઉમેરો કરી પાઠ્યપુસ્તક નિર્માણની પ્રક્રિયા સમયસર શરૂ કરી દેવાઈ હતી. પરંતુ, કેટલીક અનિવાર્ય ન્યાયિક પ્રક્રિયા - કોર્ટ કેસ તેમજ ઈરાન સહિતના અન્ય દેશો વચ્ચે સર્જાયેલી વૈશ્વિક યુદ્ધની વિષમ પરિસ્થિતિને કારણે કાગળની આયાતમાં અંદાજે અઢીથી ત્રણ મહિનાનો આકસ્મિક વિલંબ થયો હતો. જો કે, મંડળની સમગ્ર ટીમ તમામ આંતરરાષ્ટ્રીય અને કાનૂની અવરોધોને પાર પાડી, વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સહેજ પણ પ્રભાવિત ન થાય તે માટે અત્યારે દિવસ-રાત પૂરજોશમાં પ્રિન્ટિંગની કામગીરી કરી રહી છે.

રાજ્યની ખાનગી અને નોન-ગ્રાન્ટેડ શાળાઓ માટેના કિંમતવાળા પુસ્તકો વિતરકો સુધી સમયસર પહોંચાડી દેવાયા છે, જે હાલ વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થઈ પણ ચૂક્યા છે.

# રાજેશ મહેતાનું કથિત કૌભાંડ સેબીની વિશ્વસનીયતામાં શંકા પેદા કરે છે

ટુંક પોઈન્ટ ■ સંજય વોરા ■



શેર બજારમાં હર્ષદ મહેતાનું કૌભાંડ યાદ છે? બિગ બુલ તરીકે ઓળખાતા હર્ષદ મહેતાના કૌભાંડની યાદ અપાવે તેવું કૌભાંડ બેંગલુરુના ગુજરાતી જૈન વેપારી રાજેશ મહેતાના નામે ચડી ગયું છે. સેબીના રિપોર્ટ મુજબ રાજેશ મહેતાની કંપની રાજેશ એક્સપોર્ટ્સે નાણાંકીય વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૫ વચ્ચે આશરે ૧૫.૧૫ લાખ કરોડ રૂપિયાની એકત્રિત આવક ખોટી રીતે દર્શાવી હતી. આમાંથી ૯૯.૮ ટકા આવક વધારીને જણાવવામાં આવી હતી. એક સરેરાશ રોકાણકારના દૃષ્ટિકોણથી રાજેશ એક્સપોર્ટ્સમાં દેખાઇ રહેલી ગેરરીતિઓ ચોંકાવનારી છે. ૩,૦૦૦ કરોડ રૂપિયાની માર્કેટ કેપ ધરાવતી કંપની ૧૫ લાખ કરોડ રૂપિયાની હેરાફેરી કેવી રીતે કરી શકે છે તે સમજવું મુશ્કેલ છે. ૧૫ લાખ કરોડ રૂપિયા એક બહુ મોટી રકમ છે. તે ભારતની કુલ વાર્ષિક નિકાસના આશરે ૨૦ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે. રાજેશ એક્સપોર્ટ્સના શેરહોલ્ડિંગ ડેટા અનુસાર LIC આ કંપનીમાં ૧૦.૮૦ ટકા હિસ્સો અથવા ૨,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ ધરાવે છે. રાજેશ એક્સપોર્ટ્સના શેરોમાં ૮૦ ટકાનું ગાબડું પડતાં LIC ને ૧,૬૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સેબી દ્વારા કંપની અને તેના સીએમડી રાજેશ મહેતા વિરુદ્ધ જારી કરાયેલા વચગાળાના આદેશ પર નજીકથી નજર નાખવાથી આ રમતનું સાચું સ્વરૂપ ખુલે છે. સેબી દ્વારા આટલા મોટા કૌભાંડનો પત્તો ન લગાવવામાં આવ્યો તેથી સેબીની વિશ્વસનીયતા પણ જોખમાઈ ગઈ છે.

બેંગલુરુમાં ૧૯૬૪માં જન્મેલા રાજેશ મહેતા રાજેશ એક્સપોર્ટ્સના ચેરમેન છે. તેઓ સોના અને ઝવેરાત ઉદ્યોગમાં એક જાણીતું નામ છે. બેંગલુરુમાં સેન્ટ જોસેફ સ્કૂલમાં અભ્યાસ કર્યા પછી રાજેશ મહેતા નાની ઉંમરે તેમના પિતાના ઝવેરાત વ્યવસાયમાં જોડાયા હતા. ૧૯૮૦ ના દાયકાની શરૂઆતમાં રાજેશ મહેતા અને તેમના ભાઈ પ્રશાંતે ઝવેરાતનો વ્યવસાય શરૂ કરવા માટે તેમના મોટા ભાઈ પાસેથી ૧,૨૦૦ રૂપિયા ઉધાર લીધા હતા. તેઓ ટૂંક સમયમાં દક્ષિણ ભારત તેમજ મુંબઈ જેવા મુખ્ય બજારોમાં ચાંદીના ઝવેરાતના અગ્રણી જથ્થાબંધ વેપારી બન્યા હતા.

૧૯૯૫માં રાજેશ એક્સપોર્ટ્સે IPO દ્વારા મૂડી બજારમાં પ્રવેશ કર્યો હતો, જેમાં ૧૦ કરોડ રૂપિયા એકઠા થયા હતા. ત્યાર બાદ કંપનીએ સોનાની કિંમત શૃંખલામાં પ્રવેશ કર્યો હતો, જેમાં રિફાઇનિંગ અને ઉત્પાદનથી લઈને છૂટક વેચાણ સુધીની દરેક વસ્તુનો સમાવેશ થાય છે. ૨૦૧૫માં રાજેશ એક્સપોર્ટ્સે ૪૦ કરોડ ડોલરમાં સ્વિસ રિફાઇનરી વાલ્કેમ્બી હસ્તગત કરી ત્યારે હેડલાઇન્સ બની હતી. વાલ્કેમ્બીને વિશ્વની સૌથી મોટી ગોલ્ડ રિફાઇનિંગ સુવિધાઓમાંની એક માનવામાં આવે છે. આ સોદો સંપૂર્ણપણે રોકડ આધારિત હતો, જેનાથી કંપની વૈશ્વિક સ્તરે તેની હાજરી વિસ્તારી શકી હતી. રાજેશ એક્સપોર્ટ્સનું બિઝનેસ મોડેલ મજબૂત માનવામાં આવતું હતું. આ કંપની કાચું સોનું ખરીદે છે, તેને શુદ્ધ સોનામાં રિફાઇન કરે છે, તેમાંથી ઘરેણાં બનાવે છે અને પછી તેને બજારમાં વેચી દે છે. ફોર્બ્સ અનુસાર ઓક્ટોબર ૨૦૧૯ સુધીમાં રાજેશ મહેતાની કુલ સંપત્તિ ૧.૫૭ અબજ ડોલર હતી. રાજેશ એક્સપોર્ટ્સનો વાર્ષિક વકરો આશરે ૩૯.૨ અબજ ડોલર (આશરે રૂ. ૩.૭૫ લાખ કરોડ) છે, જ્યારે કંપની આશરે રૂ. ૧,૪૬૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવે છે. કંપનીનું બજાર મૂલ્યાંકન આશરે રૂ. ૯,૮૨૯ કરોડ છે. જોકે, સેબીનો આરોપ છે કે કંપનીએ તેના કુલ વેચાણમાં ભારે વધારો કર્યો છે. સેબીના હેવાલ મુજબ તેના વકરાનો ૯૭ થી ૯૯ હિસ્સો નકલી હતો, જે એક આઘાતજનક અને અજાયબ ઘટના હતી.

રાજેશ મહેતા પર સેબીનાં કડક પગલાંની સીધી અસર ભારતીય જીવન વીમા નિગમ (LIC) પર પણ પડી છે. રાજેશ એક્સપોર્ટ્સમાં LICનો નોંધપાત્ર ૧૦.૮ ટકા હિસ્સો છે. સેબીના આ આદેશની જાહેરાત થતાં જ LICના શેરમાં પણ ૧ ટકાનો ઘટાડો થયો છે. બજારના નિષ્ણાતો માને છે કે ૧૫.૧૫ લાખ કરોડ રૂપિયાની નોંધપાત્ર આવક ખોટી રીતે રજૂ કરવાના આરોપોને કારણે રાજેશ એક્સપોર્ટ્સના શેરના ભાવ લાંબા સમય સુધી ઘટશે, જેનાથી LICના રોકાણના મૂલ્યમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

LIC ની ગણતરી ટોચના જાહેર સાહસમાં કરવામાં આવે છે. તેમાં કરોડો ભારતીયોની બચતનું રોકાણ કરવામાં આવ્યું છે. LIC દ્વારા રાજેશ મહેતાની શંકાસ્પદ કંપનીમાં આટલું માતબર રોકાણ ક્યા આધારે કરવામાં આવ્યું? તેવો સવાલ પૂછાઈ રહ્યો છે.

સેબી અને ફોરેન્સિક ઓડિટર્સ (BDO ઈન્ડિયા) ની તપાસ મુજબ રાજેશ એક્સપોર્ટ્સે આ ભ્રામક ડેટા બનાવવા માટે ત્રણ મુખ્ય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો. રાજેશ એક્સપોર્ટ્સની ઘણી વિદેશી પેટાકંપનીઓ છે, જેમ કે સિંગાપોરમાં REL સિંગાપોર અને સ્વિટ્ઝર્લેન્ડમાં વાલ્કેમ્બી રિફાઇનરી. કંપનીએ એવો ડોળ કર્યો હતો કે બધો વકરો આ વિદેશી કંપનીઓ દ્વારા આવી રહ્યો છે. જ્યારે SEBIએ આ વિદેશી કંપનીઓની એકાઉન્ટિંગ સિસ્ટમ્સ, બિલ્સ અને બેંક વ્યવહારોની વિગતો માંગી, ત્યારે કંપનીએ ડેટા આપવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. બીજું, સોનાના વેપારમાં પરિપત્ર વેપાર કરવો ખૂબ જ સરળ છે, જ્યાં એક જ સોનાનો માલ અથવા બિલ ચાર કે પાંચ ડમી કંપનીઓ વચ્ચે પરિપત્ર દ્વારા ફરતો કરવામાં આવે છે. સેબીને શંકા છે કે રાજેશ એક્સપોર્ટ્સનો ૯૭ થી ૯૯ ટકા વકરો આવા પરિપત્રો ફેરવવા દ્વારા ઉપજાવી કાઢવામાં આવ્યો હતો. ત્રીજું, ૨૦૨૩ માં રાજેશ મહેતાની કંપનીએ આફ્રિકામાં સોનાની ખાણોમાં ૧,૦૩૫ કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો દાવો કર્યો હતો. જ્યારે ઓડિટ કરવામાં આવ્યું ત્યારે આ રોકાણ રાજેશ એક્સપોર્ટ્સના કે તેની પેટાકંપનીનાં ખાતાંમાં અસ્તિત્વમાં ન હોવાનું જાણવા મળ્યું હતું.

શેરબજાર, બેંકો અને LIC જેવી મોટી સંસ્થાઓના રોકાણકારોને સમજાવવા માટે રાજેશ એક્સપોર્ટ્સની બેલેન્સ શીટને મોટી અને આકર્ષક તરીકે રજૂ કરવામાં આવી હતી. હવે સેબીએ પોતાની પકડ કડક બનાવી દીધી છે. તેણે કંપનીના પ્રમોટર રાજેશ મહેતાને શેરબજારમાં ટ્રેડિંગ કરવાથી રોકી દીધા છે. નેશનલ ફાઇનાન્શિયલ રિપોર્ટિંગ ઓથોરિટીને રાજેશ મહેતાની કંપનીના ઓડિટર્સ (BSD & Co.) સામે કાર્યવાહી કરવાનું કહેવામાં આવ્યું છે, જેમણે આટલાં વર્ષોથી ૧૫ લાખ કરોડ રૂપિયાના ભ્રામક આંકડા પર આંખો બંધ કરીને સહી કરી આપી હતી.

રાજેશ એક્સપોર્ટ્સના માલિક રાજેશ મહેતા ભારતના સૌથી મોટા સોનાના નિકાસકારોમાંના એક છે. બેંગ્લોરના રહેવાસી રાજેશ મહેતા રાજેશ એક્સપોર્ટ્સના સ્થાપક અને ચેરમેન છે. તેમની કંપની સોનાના શુદ્ધિકરણ, ઘરેણાં બનાવવા અને નિકાસમાં નિષ્ણાત છે. રાજેશ એક્સપોર્ટ્સ ફક્ત એક સ્થાનિક ભારતીય કંપની નથી, પરંતુ એક એવી કંપની છે જેને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે. ૨૦૧૭ માં રાજેશ મહેતા ફોર્બ્સની ભારતના સૌથી ધનિક લોકોની યાદીમાં ૬૧મા ક્રમે હતા.રાજેશ એક્સપોર્ટ્સ હાલમાં એક જ ફરિયાદને કારણે તપાસ હેઠળ છે. માર્ચ ૨૦૨૪ માં એક શેરધારકે સેબીને એક ઇમેઇલ મોકલીને આરોપ લગાવ્યો હતો કે કંપનીના ખાતાં ઘણાં વર્ષોથી મોટી બાકી બેલેન્સ બતાવી રહ્યા છે અને તેમાં નાણાંકીય અનિયમિતતાઓ શક્ય છે. ફરિયાદનાં બે વર્ષ પછી આ મામલો દેશના સૌથી મોટા એકાઉન્ટિંગ વિવાદોમાંનો એક બની ગયો છે.

સેબીના આરોપોના જવાબમાં રાજેશ એક્સપોર્ટ્સ લિમિટેડે તેની એક્સચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે બધા આરોપો પાયાવિહોણા છે. સેબીનો આદેશ ફક્ત વચગાળાનો (પ્રારંભિક) છે અને સેબી હજુ સુધી કોઈપણ બાબતે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચ્યું નથી. કંપનીએ દાવો કર્યો હતો કે તેણે જાહેર કરેલા આવકના આંકડા સચોટ છે અને ટર્નઓવરને વધારવામાં આવ્યું નથી. હવે સેબી આ બાબતમાં કેવી રીતે આગળ વધે છે તેના પર દેશ આખાની નજર છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**રાજેશ એક્સપોર્ટ્સમાં LICનો નોંધપાત્ર ૧૦.૮૦ ટકા હિસ્સો છે, સેબીના આ આદેશની જાહેરાત થતાં જ LICના શેરમાં પણ ૧ ટકાનો ઘટાડો થયો છે**

# BUSINESS મિત્ર

**રેપો રેટ સ્થિર છતાં GDP ગ્રોથનો અંદાજ ઘટતાં રોકાણકારો આંચકામાં; IT અને મેટલ શેરોમાં વેચવાલી**

# સેન્સેક્સ ઇન્ટ્રાડે હાઈથી 700 પોઈન્ટ તૂટ્યો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 5:** ભારતીય શેરબજાર નેગેટિવ માહોલ વચ્ચે પણ પ્રારંભિક ટ્રેડિંગમાં નફા સાથે ખુલ્યા હતા. આરબીઆઈએ રેપો રેટને અપેક્ષા મુજબ સ્થિર રાખ્યો હતો, આમ છતાં સેન્સેક્સ-નિફ્ટી થોડી વધઘટ બાદ ઘટ્યો હતો. જેના લીધે સેન્સેક્સ ઇન્ટ્રાડેની ઉંચાઇએથી 700 પોઇન્ટ ઘટ્યો હતો. જ્યારે નિફ્ટી 23300 પોઇન્ટ પર આવી ગયો હતો. બ્રોડ લેવલ પર દબાણ હતું પરંતુ સ્મોલકેપ સ્પેસમાં થોડું વળતર જોવા મળ્યું હતું.

આરબીઆઈની મોનીટરી પોલિસીની જાહેરાત કરી હતી, જેમાં રેપો રેટ સ્થિર રાખ્યો છે, પરંતુ નાણાકીય વર્ષ 2027 માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિદર અંદાજ ઘટાડીને 6.6 ટકા કર્યો છે અને છુટક ફુગાવાનો અંદાજ વધારીને 5.1 ટકા કર્યો, ત્યારે બજારને આંચકો લાગ્યો હતો. આરબીઆઈના ગવર્નરે એવી આશંકા પણ વ્યક્ત કરી હતી કે નબળી વૈશ્વિક માગ અને ઉંચા લિજસ્ટીકસ ખર્ચથી માલની નિકાસ પર નકારાત્મક અસર પડી શકે છે.

આ ઉપરાંત, સરકારે વિદેશી રોકાણકારોને સરકારી બોન્ડમાં રોકાણ કરવા માટે છૂટછાટ આપી છે, જ્યારે આરબીઆઈએ પણ બજારની અપેક્ષાઓ મુજબ ગ્રોથને ટેકો આપવાનું વલણ અપનાવ્યું છે. જોકે, આઈટી સેકટરમાં દબાણ જોવાયું હતું.

બીએસઇ સેન્સેક્સ 116.67 પોઈન્ટ એટલે કે 0.16 ટકા ઘટીને 74243.34 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74717 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73988 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 49.85 પોઈન્ટ એટલે કે 0.21 ટકા ઘટીને 23366.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23516 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23282 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 188.40 પોઈન્ટ એટલે કે 0.35 ટકા વધીને 54496.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 94.95 રૂ. |
| યુરો | 111.39 રૂ. |
| પાઉન્ડ | 128.29 રૂ. |
| યેન | 0.5939 રૂ. |

બીએસઇ ખાતે અદાણી એન્ટરમાં 14.56 ગણા, રાઇટસ લિ.માં 8.27 ગણા, એચડીએફસી એએમસીમાં 5.16 ગણા, પંતજલી ફુડસમાં 4.67 ગણા અને નેટવર્ક 18 મીડિયામાં 3.96 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરેન્સમાં 32.43 ગણા, રાઇટસ લિ.માં 10.1 ગણા, ટીટીએમએલમાં 12.8 ગણા, એબી લાઈફસ્ટાઈલમાં 6.46 ગણા અને ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સીસમાં 5.4 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઇન શેરોની તુલનામાં સારૂ પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.10 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.01 ટકા ઘટ્યો હતો. માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2060 શેરો વધ્યા હતા, જ્યારે 2130 શેરો ઘટ્યા હતા અને 215 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ બજારમાં આજે બ્રેન્ટ ક્રુડ 0.03 ટકા ઘટીને 95 ડોલર પ્રતિ બેરલ પર બંધ રહ્યો હતો.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.60 ટકા ઘટ્યા હતા. જેમાં હિન્દુસ્તાન ઝીંક, નેલ્કો, વેદાન્તા, સેઈલ, હિન્દાલ્કો, હિન્દુસ્તાન કોપર, એનએમડીસી, ટાટા સ્ટીલ, જિન્દાલ સ્ટીલ અને જેએસડબલ્યુ સ્ટીલ ઘટ્યા હતા. જેમાં અદાણી એન્ટર, એપીએલ અપોલો ટયુબ્સ અને લઇડસ મેટલ્સ વધ્યા હતા. વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે. જોકે, રોકાણકારોએ મીડલઈસ્ટમાં ભૌગોલિક રાજકીય તણાવની આસપાસની નવેસરથી અનિશ્ચિતતા અને અગાઉની મજબૂત એઆઇ સંચાલિત રેલીમાં મધ્યસ્થાના સંકેતોનુ મુલ્યાંકન કર્યુ હતું. જેના લીધે આઈટી શેરોમાં નફા વસુલી કરી હતી અને આર્થિક રીતે વધુ સંવેદનશીલ ક્ષેત્રો તરફ વળ્યા હોવાથી એશઈયન બજારો ઘટ્યા હતા. દક્ષિણ કોરિયાનો કોસ્પી આ ક્ષેત્રમાં સૌથી ખરાબ પ્રદર્શન કરનાર મુખ્ય સુચકાંક તરીકે ઉભરી આવ્યો હતો. જે સેમિકન્ડકટર શેરોમાં તીવ્ર વેચાણ વચ્ચે સત્ર દરમ્યાન 6 ટકા જેટલો ઘટાડો થયો હતો. સેમસંગ ઈલે. અને એસકે હાઈનિક્સના શેરમાં પ્રારંભિક વેપારમાં 8 ટકાનો ઘટાડો થયો હતો.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -116.67 | 74243.34 |
| નિફ્ટી | 10.95 | 23416.55 |
| બેન્ક નિફ્ટી | 121.90 | 54307.85 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 2.54 | 3048.20 |
| એચયુએલ | 2.02 | 2121.50 |
| અદાણી પોર્ટસ | 1.86 | 1824.20 |
| બજાજ ફાઇનાન્સ | 1.72 | 889.40 |
| એકસીસ બેન્ક | 1.52 | 1272.30 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| હિન્દાલ્કો | 2.93 | 1092.60 |
| વિપ્રો | 2.91 | 198.37 |
| ટ્રેન્ટ | 2.23 | 2774.20 |
| કોલ ઇન્ડિયા | 1.94 | 472.30 |
| ટીસીએસ | 1.88 | 2198.90 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 2.10 | 2121.80 |
| અદાણી પોર્ટસ | 1.82 | 1823.10 |
| બજાજ ફાઇનાન્સ | 1.75 | 889.15 |
| એકસીસ બેન્ક | 1.66 | 1273.15 |
| એશિયન પેઇન્ટસ | 0.88 | 2685.15 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 2.21 | 2774.65 |
| ટીસીએસ | 1.85 | 2198.25 |
| ટાટા સ્ટીલ | 1.78 | 206.80 |
| એનટીપીસી | 1.28 | 361.65 |
| એચસીએલ ટેકનો | 1.20 | 1154.45 |

# સરકાર વેચશે હિસ્સો, હિન્દુસ્તાન ઝિંકનો શેર 5% તૂટ્યો

**આ** હિસ્સો વેચીને સરકાર રૂ. 5000 કરોડ એકત્ર કરશે

નવી દિલ્હી, તા. 5: અનિલ અગ્રવાલની કંપનીહિન્દુસ્તાન ઝિંકમાં સરકાર પોતાનો હિસ્સો વેચી શકે છે. શેરના વેચાણ સંબંધિત બ્લૂમબર્ગના અહેવાલ બાદ આજરોજ હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના શેરમાં 5 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. આશ્ચર્યજનક રીતે, આ સતત 7મું ટ્રેડિંગ સત્ર છે જ્યારે વેચાણ શેર પર પ્રભુત્વ ધરાવે છે.

બ્લૂમબર્ગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સરકાર કંપનીનો નવો હિસ્સો 5000 કરોડ રૂપિયામાં વેચવા પર વિચાર કરી રહી છે. હિન્દુસ્તાન ઝિંકનો શેર 605 રૂપિયા પર ખુલ્યો હતો અને ઈન્ટ્રાડેમાં 570 રૂપિયાની નીચી સપાટીએ પહોંચ્યો હતો.

બ્લૂમબર્ગના એક રિપોર્ટમાં નામ ન આપનારા સુત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સરકાર હિન્દુસ્તાન ઝિંકમાં 2 ટકા હિસ્સો વેચવા પર વિચાર કરી રહી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ સોદા પર 5000 કરોડ રૂપિયા સુધીની વૃદ્ધિ થવાની સંભાવના છે. હાલમાં, કંપની 28 ટકા હિસ્સો ધરાવે છે, અને કંપનીના પ્રમોટરવેદાંતા લિમિટેડપાસે કુલ 60.71 ટકા હિસ્સો છે. અગાઉ, સરકારે નવેમ્બર 2025માં હિન્દુસ્તાન ઝિંકમાં 1.6 ટકા હિસ્સો વેચ્યો હતો, જે લગભગ 3500 કરોડ રૂપિયા એકત્ર કર્યો હતો. તે સોદામાં શેરની કિંમત શેર દીઠ 505 રૂપિયા હતી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ, એક્સિસ કેપિટલ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ અને એચડીએફસી સિક્યોરિટીઝ પ્રસ્તાવિત ટ્રાન્ઝેક્શન અંગે સરકારને સલાહ આપી રહ્યા છે. બ્લુમબર્ગે જણાવ્યું હતું કે આ વિશેની ચર્ચાઓ ચાલુ છે અને ઓફરનો સમય અને કદ હજી પણ બદલાઈ શકે છે.

સરકારના ડિસઈન્વેસ્ટમેન્ટના પ્રયત્નોને તીવ્ર બનાવવા વચ્ચે સંભવિત હિસ્સાના વેચાણના સમાચાર સામે આવ્યા છે. ગયા અઠવાડિયે સરકારે કોલ ઈન્ડિયામાં 2 ટકા હિસ્સો વેચીને લગભગ 4500 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં સરકારે એનએચપીસીમાં 6 ટકા હિસ્સો વેચીને લગભગ 3900 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે.

# પેનલ્ટી લગાડવી કે માફ કરવી એ સત્તા આવકવેરા અધિકારી હસ્તક

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

ગત અંકમાં આપણે જોયું કે હવે નવી પેનલ્ટીની કલમ-270A મુજબ આવકવેરા અધિકારીની મુન્સફી મુજબ પેનલ્ટી લગાડવાની અને માફ કરવાની સત્તા એક જ અધિકારીના અધિકાર ક્ષેત્રમાં રહે છે. આ નવી કલમ મુજબ અન્ડર રીપોર્ટીંગ અને મિસ-રીપોર્ટીંગની પેનલ્ટી માં બહુ મોટું અંતર છે. અન્ડર રીપોર્ટીંગમાં ટેક્ષ ડિમાન્ડના 50% જ્યારે મિસ-રીપોર્ટીંગમાં ટેક્ષ ડિમાન્ડના 200% જેવી ભારે ભરખમ પેનલ્ટી લાગે છે. અન્ડર રીપોર્ટીંગની પેનલ્ટી માફ થઈ શકે છે. જ્યારે મિસ-રીપોર્ટીંગની પેનલ્ટી માફીને પાત્ર નથી આમ મિસ-રિપોર્ટીંગની પેનલ્ટી ગંભીર પ્રકારની છે. આ પેનલ્ટીમાં ફાયનાન્સ એક્ટ 2026 મુજબ શું સુધારા આવ્યા છે તે સમજતા પહેલાં ક્યા કેઈસોમાં અન્ડર રીપોર્ટીંગની પેનલ્ટી પણ લાગે નહિ તે જોઈશું.

**નીચે જણાવેલા કેઈસો**

» કરદાતાએ આપેલ ખૂલાસાથી આવકવેરાઅધિકારીનેસંતોષથાયઅને બધી માહિતી જાહેર કરવામાં આવે.

» કોઈ અંદાજને આધારે આવી અન્ડર રીપોર્ટીંગ આવકનો ઉમેરો કરવામાં આવે જેને Estimated Income કહે છે અલબત્ત હિસાબો સાચા અને સંપૂર્ણ હોવા જરૂરી છે.

» કરદાતાએ પોતે જાતે જ આવકવેરા રીટર્નમાં ખર્ચાઓ નામંજૂર કર્યા હોય, કે આવક ઉમેરી હોય.

» છૂપાવેલી આવક કોઈ દરોડા સંદર્ભે હોય તો તેને લગતી પેનલ્ટી કલમ- 27/AAB મુજબ થશે.

**મિસ-રીપોર્ટીંગના કેઈસો**

આ થોડી ગંભીર પ્રકારની પેનલ્ટી છે. જેને આધારે પ્રોસીક્યુશન (જેલની સજા) પણ થઈ શકે છે.

» હકિકત છૂપાવવી કે ખોટી રજૂ કરવી.

» બિન હિસાબી રોકાણો.

» પૂરાવા વગરના ખર્ચાઓ મતલબ ખોટા ખર્ચા

» ચોપડામાં ખોટી એન્ટ્રીઓ.

» કુલ આવકની ગણતરીમાં આવક (Receipts) ઓછી દર્શાવી હોય.

» ટ્રાન્સફર પ્રાઈઝીંગ અન રીપોર્ટેડ

**માફીની અરજી**

હવે આપણે જોઈશું કે આવા અન્ડર રીપોર્ટીંગ (50% પેનલ્ટી)ના કેઈસોમાં જ દંડ અને સજામાંથી માફી આપવાના નિયમો.

» આકારણી કે પુનઃ આકારણી સંદર્ભે ઓર્ડર મુજબની ટેક્ષ ડિમાન્ડ, તથા વ્યાજની રકમ ભરી દેવામાં આવે.

»ઓર્ડરસામેકોઈઅપીલકરવીનહિ.

» ઓર્ડર મળ્યાના મહિના અંતથી એક મહિનામાં ફોર્મ-68માં અરજી કરવી.

» અરજી કર્યાના ત્રણ મહિનામાં અરજી સ્વીકારાયેલ કે અમાન્ય છે તેની જાણ થશે.

» માફીની અરજી સ્વીકારવામાં આવે તો તે Final ગણાશે એની સામે કે એને લગતી કોઈ અપીલ કે રીવીઝન થઈ શકશે નહિ

» પરિપત્ર નં. 5/2018 તા. 16-08-2018 મુજબ આવી માફી અરજીની વિપરિત અસર કરદાતાના અગાઉના વિવાદી મુદ્દા સંદર્ભે ઉપસ્થિત થશે નહિ.

» માફી અરજી અમાન્ય થાય તો પણ કરદાતાને અપીલ કરવાનો અધિકાર રહેતો નથી.

**અપીલનો અધિકાર**

પરંતુ કલમ-246A મુજબ મૂળ આકારણી ઓર્ડરમાં થયેલ આવકના ઉમેરા કે અમાન્ય ખર્ચાઓ સામે અપીલ કરવાનો અધિકાર કરદાતાને રહેશે અને જેટલો સમય માફીની અરજીમાં વ્યય થયો છે તે અપીલની સમય મર્યાદા માટે ગણાશે નહિ.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૮૨૪૦ |
| તેજાબી સોનું | ૧૫૮૧૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૦૩૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૫૦૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૮૨૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૦૫૦૦ |